# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-08-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી મોદી ગુજરાતની મુલાકાતે:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ગુજરાતની મુલાકાતે છે. તેઓ સાંજે અમદાવાદમાં પાંચ હજાર 477 કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં અમદાવાદ અને ગાંધીનગરમાં બે હજાર 500 કરોડ રૂપિયાની શહેરી વિકાસ પરિયોજના તથા એક હજાર 100 કરોડ રૂપિયાની વિદ્યુત પૂરવઠા પરિયોજના સામેલ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું અમદાવાદ એરપોર્ટ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

બે દિવસના ગુજરાત પ્રવાસે આવેલા શ્રી મોદીનો અત્યારે રોડ શો ચાલી રહ્યો છે, પ્રધાનમંત્રીને આવકારવા માટે રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા છે. રોડ શો બાદ અમદાવાદના નિકોલમાં પ્રધાનમંત્રી જનસભાને સંબોધશે.

---------------------------------------------------------------------------------

## એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ:

NDPSની ડેડિકેટેડ કાર્યવાહી માટે રાજ્યભરમાં ઝોન વાઇઝ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સની રચના કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

ANTF યુનિટ્સ દ્વારા સમગ્ર રાજ્યમાં નાર્કોટિક્સ નેટવર્ક સાથે જોડાયેલા ડ્રગ્સ માફિયાઓ, સપ્લાયર્સ અને પેડલર્સ સામે કડક કાર્યવાહી થશે.

આ નવા બનનારા એકમ દ્વારા નોંધાયેલા ગુનાઓની તપાસમાં એકસૂત્રતા જળવાશે, જેનાથી આરોપીઓને કડક સજા અપાવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે. આ એકમમાં એક એસ.પી., ૬ ડીવાયએસપી અને ૧૩ પીઆઇ સહિત કુલ ૧૭૭નું વધારાનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે.

આ નવા એકમ માત્ર અને માત્ર NDPS સંબંધિત ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ ઝોનલ માળખું રાજ્યના દરેક ખૂણામાં ડ્રગ્સ નેટવર્કને તોડવામાં મદદ કરશે.

---------------------------------------------------------------------------------

## માદક પદાર્થોનો નાશ:

ભચાઉ તાલુકાના લાકડીયા પોલીસ મથક વિસ્તારમાં આવેલી સૌરાષ્ટ્ર એનવાયરો પ્રાજેક્ટ લિમીટેડ. કંપનીમાં આજે માદક પદાર્થોનો નાશ કરવામાં આવ્યો હતો. 'નો ડ્રગ્સ ઇન ગુજરાત' અભિયાન અંતર્ગત પૂર્વ કચ્છના પાંચ પોલીસ સ્ટેશનના 27 જુદા જુદા કેસમાં જપ્ત કરાયેલા માદક પદાર્થોનો નાશ કરાયો હતો. પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારે આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ : સાગર બાગમાર)

---------------------------------------------------------------------------------

## કંથડનાથજી દાદાનો મેળો:

ભચાઉ તાલુકાના કંથકોટ ગામમાં કંથડનાથજી દાદાનો અમાસના દિવસે પરંપરાગત મેળો યોજાયો હતો. આ પ્રસંગે આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો તથા મુંબઈના વાગડવાસી પરિવારો પાટીદારો ઉમટી પડ્યા હતા. મેળા પૂર્વે રાત્રીના ગૌસેવા માટે  સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો જેમાં રૂપિયા 22 લાખની ઘોર  થઈ હતી. જેમાં 5 લાખ 51 હજાર નું દાન ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા તરફથી ગૌસેવા માટે અપાયું હતું.

---------------------------------------------------------------------------------

## હવામાન :

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં 30મી ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવે છે. રાજ્ય પર અલગ અલગ ત્રણ જેટલી સિસ્ટમ સક્રિય છે તેની સાથે બંગાળની ખાડીમાં નવુ હળવું દબાણ સર્જાયું છે અને રાજસ્થાન પર રહેલું સર્ક્યુલેશન કચ્છ તરફ ખસવાની દિશામાં છે પરિણામે આગામી દિવસોમાં જિલ્લામાં ભારે વરસાદ વરસવાની શક્યતાઓ દર્શાવાઇ છે. છેલ્લા 10 દિવસથી કચ્છમાં ક્યાંક ઝરમર તો ક્યાંક ધીમીધારે વરસાદ પડી રહ્યો છે. આજે જિલ્લામાં કેટલાક સ્થળોએ ઝરમર વરસાદ પડ્યો હોવાના અહેવાલ છે.

---------------------------------------------------------------------------------

## ભુજમાં જૈનો માટે ચોવિહાર:

પર્વાધિરાજ પર્યુષણ પર્વ ચાલી રહ્યું છે ત્યારે પર્યુષણ પર્વ નિમિત્તે ભુજમાં જૈન સાધાર્મિકો માટે ચોવિહાર હાઉસનું આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે. વીશા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ યુવક મંડળ સંચાલિત ચોવિહાર હાઉસનો દૈનિક 500 જેટલા સાધાર્મિકો લાભ લઇ રહ્યા છે. યુવક મંડળની આ પહેલ થકી જૈન ધર્મની પરંપરાને જીવંત રાખવામાં મહત્ત્વની મદદ મળી રહી છે.

---------------------------------------------------------------------------------

## નરામાં મંદિર નિર્માણ:

અબડાસાના નરા નગરમાં સોઢા કુળના કુળદેવ પિથોરાપીરનું નવું મંદિર નિર્માણ પામશે. તાજેતરમાં આ મંદિરનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. 1971નાં યુદ્ધ બાદ સોઢાઓના પુન: વસવાટના દરેક ગામોમાં પિથોરાપીરનાં મંદિરો બનાવવામાં આવેલાં છે. ખાતમુહૂર્ત કાર્યક્રમમાં સંતો, મહંતો અને પીરો ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------